## સંક્ષિપ્ત સમાચાર

### વલસાડના પારનેરા ગામે શિક્ષિકાનો વિદાય સમારંભ યોજાયો



વલસાડ : પારનેરા દાદરી ફળિયા શાળામાં વર્ષોથી યશસ્વી બિનવિવાદિત શૈક્ષણિક કારકિર્દી પૂર્ણ કરી વયનિવૃત થતાં મુખ્ય શિક્ષક ભારતીબેન ઠાકોરનો સન્માન સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે ભારતીબેને ભાવુક થતાં જણાવ્યું કે, આટલી દીર્ઘાયુ કારકિર્દી એક સ્વપ્નની જેમ પૂર્ણ થઇ ગઈ અને ખબર પણની પડી અને આજે શાળા છોડતા પોતાની માતાથી વિખુટા પડી રહ્યા હોય એવું લાગી રહ્યું છે. આશા રાખું છું કે હજુપણ આ શાળા, શાળાના શિક્ષક અને બાળકો એ મારો પરિવાર જ રહ્યો છે. ડો.નિરવ ભુલાભાઇ પટેલે જણાવ્યું હતું કે દાદરી ફળિયા પ્રાથમિક શાળા એટલે મારી માતા ચિંતુબાની યાદોની સ્મૃતિ. જે શાળામાંથી હું ભણીગણીને આજે જે મુકામે પહોંચ્યો છું, તેમાં આ તમામ સગી મા સમાન ગુરુજનોનો ખુબ જ મોટો ફાળો છે. દર્દીઓના ભારે ભીડને કારણે હું રૂબરુ કાર્યક્રમમાં પહોંચી શક્યો ન હતો, પરંતુ મારી હંમેશા શુભકામના શાળા અને બાળકો સાથે જોડાયેલી છે અને ભારતી માસી પાસે હજુ વધારે સેવાકીય કામોની અપેક્ષા રાખું છું.

### ગણદેવીનાં વડસાંગળ ગામમાં તેજસ્વી તારલાઓનો સત્કાર સમારોહ



બીલીમોરા : ગણદેવી વડસાંગળ ગામે સર્વોદય સેવા મંડળ, ગ્રામ પંચાયત અને પ્રાથમિક શાળાના સંયુક્ત ઉપક્રમે અગ્રણી ડો.મોહનકાકા અને ગામના પ્રથમ નાગરિક તથા સર્વોદય સેવા મંડળના પ્રમુખ મનોજભાઈ પટેલના અધ્યક્ષપણા હેઠળ વર્ષ ૨૦૨૩-૨૪ ના તેજસ્વી તારલાઓનો સત્કાર સમારોહ પ્રાથમિક શાળાના સાંસ્કૃતિક હોલમાં યોજાયો હતો. મંડળના મંત્રી પિયુષભાઈએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. વર્ષ ૨૦૨૩-૨૪ ધો. ૧ થી ૮ માં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંકના વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ આપી સન્માનિત કરાયા હતા. ધો.૧૦, ધો.૧૨, ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પણ શૈક્ષણિક કીટ અપાઈ હતી. આ પ્રસંગે ભીખુકાકા, જગુકાકા, ડો.આશિષભાઈ, મંડળના ઉપપ્રમુખ મેહુલભાઈ, મંત્રી તુષારભાઈ, પંચાયત સભ્ય મીતાબેન તથા વાલી વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ડો મોહનકાકા અને ભીખુભાઈએ બાળકોને એક લક્ષ્ય નક્કી કરી મેહનત કરવા કહ્યું માર્ગદર્શન આપ્યું હતું. ઇન્ચાર્જ સરપંચ મનોજભાઈ પટેલે વિદ્યાર્થીઓને અભ્યાસને લગતી દરેક આર્થિક મદદ માટે સર્વોદય સેવા મંડળ હંમેશા તૈયાર જ હોવાનો વિશ્વાસ આપ્યો હતો. ઉપપ્રમુખ મેહુલભાઈએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. તે સાથે આગામી દિવાળી પર્વે ૧'લી નવેમ્બરે રંગોળી સ્પર્ધા અંગે માહિતી આપી હતી.

### ચીખલી તાલુકામાં માહ્યાવંશી દિવસની ઉજવણી કરવામાં આવી




ઘેજ : શુક્રવારના રોજ કચ્છ કડવા પાટીદાર સમાજ ભવન સમરોલી ખાતે સમારંભના અ દ ય ક્ષ અ જ ય ભ ા ઈ ઠાકોરભાઈ પટેલ મુખ્ય મહેમાન રમણલાલ પટેલ કનસાડ તેમજ ઠાકોરભાઈ પટેલ નવસારી સામાજિક કાર્યકર્તાની ઉપસ્થિતિમાં માહ્યાવંશી દિવસ ઉજવણી કરવામાં આવી હતી. ભગવાનજી રાઠોડ માહ્યાવંશી ડે ની ઉજવણીની વિસ્તૃત માહિતી આપી હતી. તેમજ સમારંભના અધ્યક્ષે સમાજને શિક્ષિત બનો સંગઠિત બનોનું આહવાન કર્યું અને મંડળને રૂપિયા ૫૧,૦૦૦ નું દાન આપ્યું હતું. મહામંત્રી ધીરુભાઈ સૂરતીએ માહ્યાવંશી સમાજ ઉપર ભજન રજૂ કર્યું હતું. મંડળના સલાહકાર ભગવાનજી રાઠોડ તરફથી ઉપસ્થિત મહેમાનોને સ્મૃતિ ભેટ અર્પણ કરવામાં આવી હતી. તમામ સામાજિક કાર્યકર્તાને સ્મૃતિ ભેટ અર્પણની કામગીરી મંડળના સહમંત્રી દિવ્યેશભાઇ રાઠોડ કરી હતી. ચીખલી તાલુકા માહ્યાવંશી વિકાસ મંડળના સ્થાપક ફકીરભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનુ સફળ આયોજન પ્રમુખ ગીરીશભાઈ મથારીયા, ભગવાનભાઈ રાઠોડ અરૂણભાઇ રાઠોડે સફળતા પૂર્વક કરી કાર્યક્રમને પાળ પાડ્યો હતો.

### રાબડા વિશ્વંભરી ધામ ટ્રસ્ટ દ્વારા દિપાવલી પર્વ નિમિત્તે નિરાધાર પરિવારોને અનાજ કીટનું વિતરણ



વાપી : દીપાવલીના પાવન તહેવારની ઉજવણીના ભાગરૂપે માં વિશ્વંભરી ધામ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દર વર્ષે રાબડા ગામના નિરાધાર પરિવારો અને વિધવા બહેનોને જીવન જરૂરી ચીજવસ્તુઓનું વિતરણ કરાય છે. તહેવારોમાં આ પરિવારો દિવાળીનો પાવન પ્રસંગ હર્ષભેર ઉજવી શકે તે માટે ધામના સ્થાપક મહાપાત્રની પ્રેરણાથી ટ્રસ્ટ દ્વારા ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને અનાજ અને અન્ય જીવન જરૂરી ચીજવસ્તુઓની કીટ વિતરણ કરવામાં આવી હતી. મંગળવારે યોજાયેલા આ વિતરણ કાર્યક્રમમાં ગામના લોકોમાં ખુશીની લહેર દેખાઈ આવી હતી. આ પ્રસંગે માં વિશ્વંભરી તીર્થધામના સ્થાપક મહાપાત્ર, ટ્રસ્ટના કિરીટભાઈ ડેડાણીયા, રાબડાના સરપંચ, આગેવાન ઠાકોર પટેલ, શૈલેષ પટેલ અને પૂર્વ સરપંચ જશવંતભાઈ પટેલે પણ ઉપસ્થિત રહ્યા હતા. અદભૂત અને અલૌકિક માહોલ ધરાવતું માં વિશ્વંભરી તીર્થયાત્રા ધામ, રાબડા ગામમાં સ્થિત છે, પરંતુ તેનું મહત્વ સમગ્ર વિશ્વમાં વ્યાપ્યું છે. આ ધામ વૈદિક મૂલ્યો, ભક્તિ અને જીવનના સાચા મર્મને સમજાવતું અનોખું કેન્દ્ર છે.

### ખેરગામ પોલીસે બાળકો અને સિનિયર સિટીઝનને કપડાં-મીઠાઈ આપી દિવાળી મનાવી



ખેરગામ : ખેરગામ પોલીસે દ્વારા ગરીબ અને જરૂરિયાતમંદ બાળકો અને સિનિયર સિટીઝનને દિવાળી નિમિત્ત બાળકોને ફટાકડા, શૂઝ અને સિનિયર સીટીઝનને કપડાં આપવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખેરગામ તાલુકામાં 15 જેટલા બાળકો અને સિનિયર સિટીઝનને દિવાળીના તહેવારોમાં ભેટ મળતા તેમના ચહેરા ઉપર આનંદની લાગણી વ્યાપી હતી. તેમણે ખેરગામ પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો. ખેરગામ પીએસઆઇ એમ.બી.ગમિતે જણાવ્યું કે, દિવાળીનો પર્વ હોવાથી પોલીસ પ્રત્યે લોકોની સામાજિક ભાવના કેળવાય અને જરૂરિયાતમંદ લોકોને મદદરૂપ થવાનો અવસર પ્રાપ્ત થાય, એ હેતુસર સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું.

# વલસાડમાં ભૂગર્ભ પાર્કિંગ બંધ રહેતા ટ્રાફિક જામની સ્થિતિ

**મિલેનિયમ** અને શ્રીજી ચરણ એપાર્ટમેન્ટનું ભૂગર્ભ પાર્કિંગ બંધ, ચીફ ઓફિસર પગલાં ભરશે ખરા

**ભૂગર્ભ** પાર્કિંગનો સહારો લઇ બિલ્ડીંગ બનાવી દેતા વલસાડના બિલ્ડરો

વલસાડ : વલસાડમાં બિલ્ડરો ભૂગર્ભ પાર્કિંગનો સહારો લઈ બિલ્ડીંગ તો બનાવી દે છે, પરંતુ ત્યારબાદ ભોંય તળિયાનું પાર્કિંગ બંધ કરી દેતા હોય છે. જેના કારણે બિલ્ડિંગમાં ઓફિસ ધરાવનારા અને તેમના મુલાકાતીઓએ બહાર જ પાર્કિંગ કરવું પડતું હોય છે અને તેના કારણે ટ્રાફિક જામની સ્થિતિ ઉભી થતી હોય છે.

આવી જ હાલત આવાબાઇ સ્કૂલ સામેના બ્રહ્મકુમારીઝ માર્ગની છે. આ માર્ગ પર આડેધડ કાર પાર્કિંગ અને બાઈક પાર્કિંગના કારણે આખો દિવસ ટ્રાફિક જામની સ્થિતિ સર્જાતી રહી છે.

આવાબાઈ સ્કૂલ સામે આવેલા વર્ષો જૂના સિલ્વર કોઈન એપાર્ટમેન્ટનું પાર્કિંગ જ નથી. અહીં બિલ્ડરે ભોંય તળિયે દુકાન જ બનાવી દીધી હતી. ત્યારબાદ તાજેતરમાં બનેલા મિલેનિયમ બિલ્ડીંગ અને તેની બાજુના શ્રીજી ચરણ બિલ્ડિંગમાં ભોંય તળિયે પાર્કિંગ બનાવાયું છે. આ પાર્કિંગનો ઉપયોગ કોઈના દ્વારા થતો જ નથી. જેનું કારણ અહીં તાળાબંધી કરાઈ છે. ભોંય તળિયાનું પાર્કિંગ ચોમાસામાં બંધ હોય શકે, પરંતુ આ પાર્કિંગ હંમેશ માટે બંધ હોય તો મોટી મુશ્કેલી ઉભી થઈ રહી છે. હાલ દિવાળી ટાણે આ બંને બિલ્ડીંગના ભોંય તળિયાના પાર્કિંગ બંધ હોવાથી આખા રોડ પર સતત ટ્રાફિક જામની સ્થિતિ છે.



આ બિલ્ડીંગો કોમર્શિયલ કોમ્પલેક્ષ છે. અહીં હોટેલ, ફૂડ સ્ટોર્સ, મેડિકલ, ફાઈનાન્સની ઓફિસ વગેરે આવ્યા છે. શ્રીજી ચરણ બિલ્ડીંગમાં તો ટ્યુશન ક્લાસ પણ ધમધમી રહ્યા છે. જેના કારણે પરિસ્થિતિ વકરી બની છે. જેના કારણે દિવસ દરમિયાન સતત મુસાફરોનો ધસારો રહેતો હોય છે. આ સિવાય આ બિલ્ડીંગમાં કાર્યરત માલિકો અને કર્મચારીઓના વાહનો પણ અહીં જ પાર્ક થતા હોય છે.

સામે પ્રાગજી ટાવરનું પાર્કિંગ ખુલ્લું છે, પરંતુ ત્યાં પણ કોઈ કામ અર્થે આવતા લોકો તેની દિવાલ બહાર જ વાહનો પાર્ક કરી જતા રહેતા હોય છે. ત્યારે રોડ પર બંને તરફ વાહનો થઈ જતા હોય પરિસ્થિતિ કફોડી બની જાય છે. આ સમસ્યાના ઉકેલ માટે ભૂગર્ભ પાર્કિંગ ખોલવી અહીં આવતા લોકોને ફરજિયાત ભૂગર્ભમાં પાર્કિંગ કરાવવું જરૂરી બન્યું છે.

### શ્રીજી ચરણ અને મિલેનિયમ એપાર્ટમેન્ટના ઓટલા સાંકળથી કવર કરાયા

બ્રહ્મકુમારીઝ માર્ગ પર શ્રીજી ચરણ એપાર્ટમેન્ટના ભોંય તળિયે પાર્કિંગની સમસ્યા છે. આ સમસ્યામાં ભોંય તળિયે ચાલતી બેંક દ્વારા સાંકળ બાંધી સિમેન્ટનો ટપ્પો કવર કરી દીધો છે. જેના કારણે કોઇ વાહન મુકી ન શકે. આથી તમામે રોડ પર જ વાહનો પાર્ક કરવા પડે છે. મિલેનિયમ એપાર્ટમેન્ટ બહાર પણ સિમેન્ટના ટપ્પા પર વાહનો પાર્ક થઇ શકે છે, પરંતુ ઢોર આવતા હોવાનું બહાનુ કાઢી તેને કવર કરી દીધો છે. જેના કારણે ટ્રાફિકની સમસ્યા વકરી છે. પાલિકા જગ્યા કેમ ખુલ્લી કરાવાતી નથી તેની સામે પ્રશ્નાર્થ ઉઠી રહ્યા છે.

# મસમોટા ખાડા વાહન ચાલકોની દિવાળી બગાડશે

**નાનાપોંઢા**-કપરાડા માર્ગ ઉપર કુંભઘાટ નજીક પોલીસે બેરિકેડ ગોઠવી એક તરફનો માર્ગ બંધ કર્યો

**નજીકના** ડુંગરમાંથી વહેતા પાણીના સતત ઝરણાંને લઈ ખાડાઓમાં પાણી ભરાતા ખાડાઓ જોખમી બન્યા

**વાહનોને** નુકશાન સાથે બાઈક ચાલકો પણ ઇજાગ્રસ્ત થવાની ઘટનાઓ બની



વલસાડ : નાનાપોંઢા-નાશિક માર્ગ ઉપર નેશનલ હાઈવે 848 ઉપર માંડવા કુંભઘાટ નજીક આવેલા નાના પૂલ ઉપરનો કપરાડા તરફ જતા માર્ગ પર મસમોટા ખાડાઓ જીવલેણ સાબિત થઈ રહ્યા છે. નજીકના ડુંગરમાંથી વહેતા પાણીના સતત ઝરણાંને લઈ ખાડાઓમાં પાણી ભરાતા ખાડાઓ જોખમી બન્યા છે. વાહનોને નુકશાન સાથે બાઈક ચાલકો પણ ઈજાગ્રસ્ત થવાની ઘટનાઓ બની ચૂકી છે.

અગાઉ અખબારી અહેવાલ બાદ હાઈવે ઓથોરિટી દ્વારા ખાડાઓમાં થોડી ઘણી કપચી પૂરી હતી. જોકે વાહનોના સતત ઘસારાને લઈ કપચી બહાર નીકળી ગઈ છે. ત્યારે હાલે દિવાળી પર્વ ચાલી રહ્યો છે, ત્યારે કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ તે અગાઉ હાઈવે ઓથોરિટી તાત્કાલિક ખાડાઓ પુરે તેવી માંગણી વાહન ચાલકો કરી રહ્યા છે. નોંધનીય છે કે ખાડાઓને લઈ વાહનો માટે એક તરફનો માર્ગ બંધ કરી દેવાયો છે અને બેરીકેડ ગોઠવી દેવાયા છે.

# દાનહ-દમણ-દીવના કામદારો માટે વિશેષ ભથ્થાની જાહેરાત

**પ્રશાસને** કામદારોના જીવનધોરણમાં સુધારો કરવાના ઉદ્દેશ્ય સાથે વિશેષ ભથ્થાને જાહેરાત કરી

દમણ : સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવ-વહીવટી તંત્ર દ્વારા કામદારો માટે વિશેષ ભથ્થાની એક જાહેરાત કરી છે. પ્રદેશના પ્રશાસક પ્રફુલ પટેલના નેતૃત્વમાં દાદરા નગર હવેલી અને દમણ-દીવ વહીવટી તંત્રએ કામદારોના જીવન ધોરણમાં સુધારો કરવાના ઉદ્દેશ્ય સાથે વિવિધ ક્ષેત્રોમાં કામ કરતા કામદારો માટે લઘુત્તમ વેતનના અધિનિયમ-1948 હેઠળ એક લઘુત્તમ વેતન નક્કી કર્યું છે. તેમની નાણાકીય સુરક્ષા કરવા માટે વિશેષ ભથ્થાની જાહેરાત પણ કરવામાં આવી છે. આ માટે સંઘપ્રદેશના શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા જારી કરાયેલી જાહેરાત અનુસાર કામદારોના લઘુત્તમ વેતનમાંથી શેષ વધુ ઉમેરવામાં આવશે, જે વિવિધ શ્રેણીઓમાં કામ કરતા કામદારોને નાણાકીય સહાય પૂરી પાડશે. પહેલા અકુશળ કામદારને 441 રૂપિયા રોજ પ્રમાણે મળતા હતા, જેમાં 35 રૂપિયાનો વધારો કરતા હવે કામદારને 476 મળશે. અર્ધ કુશળ કામદારને 452 મળતા હતા, જેમાં રૂપિયા 35 નો વધારો કરતા હવે તેમને રૂપિયા 487 મળશે. જ્યારે કુશળ કામદારને 462 રૂપિયા મળતા હતા, જેમાં રૂપિયા 35નો વધારો કરતા હવે તેમને પણ રૂપિયા 497 રૂપિયા મળશે. આ વિશેષ ભથ્થું કામદારોને તેમના જીવન ધોરણને સુધારવા અને મોંઘવારીનો સામનો કરવા માટે નાણાકીય સહાય પૂરી પાડવાના આશય સાથે લાગુ કરવામાં આવી છે.

# વાપી સ્ટેશને રાજધાની ટ્રેનની અડફેટે આવી ગયેલા યુવકના ટૂકડે ટૂકડા થઈ ગયા

**રેલવે** પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી

વાપી : વાપી રેલવે સ્ટેશને રાજધાની એક્સપ્રેસ ટ્રેનની અડફેટે આવી ગયેલા યુવકના ટૂકડે ટૂકડા થઈ જતા તેનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. જે બનાવ અંગે રેલવે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

વાપી રેલવે પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, વાપી રેલવે સ્ટેશન પરથી મડગાવ-હજરત નિઝામુદ્દીન રાજધાની એક્સપ્રેસ ટ્રેન પસાર થઈ રહી હતી તે સમયે એક યુવક અડફેટે આવી ગયો હતો અને તેના શરીરના ટૂકડે ટૂકડા થઈ જતા તેનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું. બનાવની જાણ રેલવે પોલીસને થતાં સ્થળ પર પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. મરનાર યુવકની ઉંમર આશરે 40 છે અને તેની કોઈ ઓળખ થઈ શકી નથી. મરનાર ઈસમ શરીરે મજબૂત બાંધાનો છે અને રંગે શ્યામવર્ણ અને તેની ઉંચાઈ આશરે પાંચ ફૂટ બે ઈંચ છે. જો કોઈ વાલીવારસ હોય તો વાપી રેલવે પોલીસનો સંપર્ક સાધવો. હાલ તો વાપી રેલવે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધ્યો હતો.

### પારડી બગવાડા હાઈવે પર ટેલરે બાઈક ચાલકને અડફેટે લેતા મોત

પારડીઃ પારડીના બગવાડા હાઈવે પર બાઈક ચાલકને ટેલર ચાલકે અડફેટે લેતાં મોત નીપજ્યું હતું. પારડી ને.હા.નં. 48 પર કરીમ રજબઅલી વિરાણી ઉદવાડાથી તેની બાઈક લઈને વાપી પોતાના ઘરે જઈ રહ્યો હતો. તે દરમિયાન બગવાડા ટોલનાકા હાઈવે પર શુભમ રેસીડેન્સી સામે વલસાડથી વાપી જતા ટ્રેક ઉપર ટેલરના ચાલકે પૂરઝડપે હંકારી લાવી બાઈક ચાલકને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. જેમાં શરીરે ગંભીર ઈજા પહોંચતા કરીમ વિરાણીનું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જી ટ્રક ચાલક સ્થળ ઉપરથી ફરાર થઈ ગયો હતો. આ સમગ્ર ઘટના અંગે મૃતકનો પુત્ર રફીક કરીમ વિરાણીએ પારડી પોલીસ મથકે ટેલર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા વધુ તપાસ પોલીસે હાથ ધરી છે.

# દિવાળી નિમિત્તે બાંદ્રા-ગોરખપુર અને ઉધના-છાપરા વિશેષ ટ્રેન દોડશે

**ટ્રેન** બંને દિશામાં બોરીવલી, વાપી, વલસાડ, ઉધના, સુરત, વડોદરા સહિતના સ્ટેશને ઉભી રહેશે

વાપી : પશ્ચિમ રેલવે દ્વારા દિવાળી નિમિત્તે ખાસ વિશેષ ટ્રેનો મુસાફરોની સુવિધાને લઈ દોડાવાઈ રહી છે. ત્યારે યુપી-બિહાર તરફ જવા માટે વાપી-વલસાડના મુસાફરોને છઠ્ઠપૂજાનો લાભ મળી રહે તે માટે બાંદ્રા-ગોરખપુર અને ઉધના-છાપરા ટ્રેન દોડવાશે.

ટ્રેન નં. 05030 બાંદ્રા ટર્મિનસ-ગોરખપુર સ્પેશિયલ બાંદ્રાથી 7:10 કલાકે ઉપડી બીજા દિવસે 16:15 કલાકે ગોરખપુર પહોંચશે. આ ટ્રેન 31 ઓક્ટો.અને 4,8 તેમજ 12 નવે.ના રોજ દોડશે. એજ રીતે ટ્રેન નં.05029 ગોરખપુર-બાંદ્રા સ્પેશિયલ ગોરખપુરથી 19:00 કલાકે ઉપડશે. જે બીજા દિવસે 5:00 કલાકે બાંદ્રા ટર્મિનસ પહોંચશે. આ ટ્રેન 2,6 અને 10 નવે.ના રોજ દોડશે. આ ટ્રેન બંને દિશામાં બોરીવલી, વાપી, વલસાડ, ઉધના, સુરત, વડોદરા, રતલામ, કોટા, ભરતપુર, મથુરા, કાસગંજ, ફરૂખાબાદ, કન્નોજ, કાનપુર સેન્ટ્રલ, લખનૌ, ગોંડા, બસ્તી અને ખલીલાબાદ સ્ટેશન પર ઉભી રહેશે. આ ટ્રેનમાં માત્ર સેકન્ડ ક્લાસ જનરલ કોચ હશે.


### ચીખલીના મલિયાધરામાં ફટાકડા ફોડતી વખતે બાળક દાઝી ગયો

ઘેજ : ચીખલી તાલુકાના મલિયાધરામાં ફટાકડા ફોડતી વખતે ૧૧-વર્ષીય બાળક દાઝી જતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો હતો. પ્રાપ્ત વિગત મુજબ મલિયાધરા ગામના નવાનગરમાં રવિવારની રાત્રે સાડા આઠેક વાગ્યામાં અરસામાં જીનલ પ્રતિકભાઈ હળપતિ (ઉ.વ-૧૧) મંદિર પાસે બધા ભેગા થઈ ફટાકડા ફોડતા હતા.

તે દરમ્યાન તે આંખ તથા મોઢાના ભાગે ગંભીર રીતે દાઝી જતા બીલીમોરાની ખાનગી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર અર્થે વલસાડની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

વાલીઓ માટે ચેતવણી રૂપ બનાવ વચ્ચે નાના બાળકો ફટાકડા ફોડવાની બાબતે સતર્કતા રાખે તે જરૂરી છે.

### વાંસદાના ડુંગરોની વચ્ચે આવેલા કેલિયા ડેમનો અદભુત નજારો



■ વાંસદા તાલુકાના અજમલગઢ ડુંગર ઉપરથી વહેલી સવારનો ડુંગરોની વચ્ચે આવેલા કેલિયા ડેમનો અદભુત નજારો કેમેરામાં કેદ થઈ જવા પામ્યો હતો. (નિલેશ કાપડિયા)




# સાપુતારા ઘાટમાં કોબીજનો જથ્થો ભરેલો ટેમ્પો પલટી ગયો

સાપુતારા : ડાંગ જિલ્લાનાં સાપુતારા ઘાટમાર્ગમાં કોબીજનો જથ્થો ભરેલો આઈસર ટેમ્પો પલ્ટી મારી જતા અકસ્માત સર્જાયો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર આજરોજ મહારાષ્ટ્રનાં નાસિકથી કોબીજનો જથ્થો ભરી સુરત તરફ જઈ રહેલો આઈસર ટેમ્પો ન. એમ.એચ.15. એચ.એચ. 9090 જે સાપુતારાથી શામગહાનને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગનાં સાપુતારા માલેગામ ઘાટમાર્ગમાં ચાલક દ્વારા અચાનક સ્ટિયરીંગ પરનો કાબૂ ગુમાવી દેતા માર્ગની સાઈડમાં આવેલ સંરક્ષણ દીવાલ સાથે અથડાઈને પલ્ટી મારી જતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં આઈસર ટેમ્પો સહિત કોબીજનાં જથ્થાને જંગી નુકસાન થયુ હતુ. જ્યારે ચાલક અને ક્લીનરનો ચમત્કારિક બચાવ થયેલો હોવાની વિગતો સાંપડી રહી છે.